/

ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/ ૧૩૯૪૫-૯૩૫
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૨૦/૧૧/૨૦૨૧

પ્રતિ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** એન.એ.એસ ૨૦૨૧ ના અમલીકરણની શાળાઓમાં ત્રણ દિવસ વેકેશન લંબાવવા બાબત.
**સંદર્ભઃ-** ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- જીસીઇઆરટી/૨૦૨૧/૩૦૩૪૦ તા.૨૦/૧૧/૨૦૨૧

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, સમગ્ર દેશમાં એક જ સાથે તારીખ ૧૨ નવેમ્બર ૨૦૨૧ ના રોજ ધોરણ ૩, ૫, ૮ અને ૧૦ માં નેશનલ એચિવમેન્ટ સર્વે (NAS) એન.એ.એસ ૨૦૨૧ ના હાથ ધરવામાં આવેલ હતું. પ્રસ્તુત સર્વેમાં સેમ્પલમાં પસંદ થયેલ શાળાઓને તા. ૧૦ થી ૧૨ નવેમ્બર-૨૦૨૧ દરમિયાન ત્રણ દિવસ માટે ધોરણ ૩, ૫ અને ૮ ના વિદ્યાર્થીઓ અને શિક્ષકો શાળાએ હાજર રહે તે માટે સંબંધિતોને આદેશ કરવા જાણ કરવામાં આવી હતી. આથી જે શાળાઓના લાગુ પડતા ધોરણો અને તેના શિક્ષકો આ ત્રણ દિવસ શાળામાં હાજર રહેલ હોય તો તેઓનું વેકેશન ત્રણ દિવસ એટલે કે તા. ૨૨ નવેમ્બરને બદલે તા. ૨૪ નવેમ્બર ૨૦૨૧ સુધી લંબાવવામાં આવે છે. આથી તા. ૨૫ નવેમ્બર ૨૦૨૧ થી આ શાળાઓ રાબેતા મુજબ ચાલુ રહેશે. ઉકત બાબતે આપની કક્ષાએથી સંબંધિત શાળાઓને જરૂરી સુચના આપવા આથી જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ,</u>
- નાયબ સચિવશ્રી, (પ્રા.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેકટર-૧૨, ગાંધીનગર

<u>નકલ રવાના જાણ સારૂ,</u>
-પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, ચાણક્ય, ગુ.રા.પ્રા.શિ.સંઘ શૈક્ષણિક સંશોધન કેન્દ્ર, સેકટર-૧૩, ગાંધીનગર
-પ્રમુખશ્રી, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ,ગુજરાત, મધુકર ભવન, ૩૨-એ, એ.એલ.કોલોની નહેરૂનગર પાસે, આંબાવાડી, અમદાવાદ-૫

ક્રમાંક:પ્રાથમિક/પરિપત્ર/૨૦૨૧/15494
જિલ્લા શિક્ષણધિકારીની કચેરી
સુરત, જિ.સુરત.
તા.૨૦/૧૧/૨૦૨૧

નકલ રવાના જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ.-સુરત

પ્રતિ,
આચાર્યશ્રી, સુરતની તાબા હેઠળની પ્રાથમિક શાળાઓ તરફ,
જિલ્લો-સુરત.